## ડીસા તાલુકા પંચાયત સામે પાણીનો બગાડ

ડીસા તાલુકા પંચાયતના મિટીંગ હોલના કામકાજ માટે કરાયેલા ખોદકામ દરમ્યાન પાણીનું કનેકશન તુટી ગયું હતું. જેને રીપેરીંગ નહીં કરાતા તાલુકા પંચાયત કચેરી સામે ગંદકીનું સામ્રાજ્ય છવાયું છે. ડીસા તાલુકા પંચાયત કચેરીના મિટીંગ હોલના કામકાજ દરમ્યાન થયેલ ખોદાણ વખતે નળકનેકશન તૂટી ગયું હતું. જેના કારણે પાણીનો મોટાપાયે બગાડ થઈ રહ્યો છે અને ગંદકીનું સામ્રાજ્ય છવાયેલું નજરે પડી રહ્યું છે. ત્યારે આ નળ કનેકશન રીપેર કરી પાણીનો બગાડ અટકાવવામાં આવે તેવી માંગ પ્રવર્તિ રહી છે.

# અમીરગઢ પાસેથી ૫૪ લાખ ઝડપાયા, ૨ હજારની નવી નોટ સાથે ૩ની અટકાયત

પાલનપુર, તા. ૬

એક તરફ નોટબંધી બાદ આજે પણ રૂપિયા ૨ હજાર ની નોટ મેળવવા માટે લોકોની બેકો આગળ લાંબી કતારો થઈ રહી છે ત્યારે બીજી તરફ અમીરગઢ રાજેસ્થાન સરહદે રૂપિયા ૫૪ લાખ ની નવી નોટો સાથે ૩ ની અટકાયત કરાઈ છે તેમજ ૧૦ લાખ ની ગાડી કબ્જે લેવાઈ છે.અમીરગઢ પોલીસ આજે ચેક પોસ્ટ પર વાહન ચેકીંગ શરુ હતું તે દરમિયાન ઉત્તરપ્રદેશ થી આવી રહેલી હોંડાઈ કંપનીની UP-86 - u 0002 ગાડી માં થી રૂપિયા ૫૪ લાખ ની નવી નોટો સાથે ૩ યુવકો ની અટક કરાઈ છે જે ઉત્તરપ્રદેશ થી અમદાવાદ આવી રહયા હોવાનું નિવેદન આપ્યું હતું જો કે આટલી મોટી રકમ નો કોઈ આધાર પુરાવો ન મળતા આટલી મોટી રકમ સાથે ૩ ની અટકાયત કરાઈ છે.ઝડપાયેલા ૩ યુવકો ઉત્તરપ્રદેશ ના હાથરસ તાલુકા ના નાઈકઅંગાલા ગામ ના હોવાનું જણાવ્યું હતું જો કે સ્થાનિક પોલીસે આટલી મોટી રકમ હોવાના પગલે ઈન્કમટેક્સ ડિપાર્ટમેન્ટ ને જાણ કરાઈ છે.જો કે પોલીસે ઝડપાયેલા ૩ યુવકો પાસે થી ૫૪ લાખ ની રૂપિયા ૨ હજાર ના દર ની નવી નોટો સાથે રૂપિયા ૧૦ લાખ ની ગાડી મેળવી કુલ ૬૪ લાખ ના મુદ્દામાલ સાથે ૩ અટકાયત કરી વધુ તપાસ હાથ ધરી છે.

# વિજયનગરના અભાપુર ખાતે પોળો ઉત્સવનો રંગારંગ પ્રારંભ

મોડાસા, તા. ૬

અરવલ્લીની ડુંગરમાળમાં હરિયાળી ટેકરીઓ અને આહ્લાદક પ્રાકૃતિક-ઐતિહાસિક વિરાસતનો આ અમૂલ્ય નજારો વિશ્વ પ્રવાસન આકર્ષણ કેન્દ્ર તરીકે વિકસે તેવા ધ્યેય સાથે આરંભાયેલા પોળો ઉત્સવ-૨૦૧૭ને વિધાનસભાના અધ્યક્ષ રમણલાલ વોરાના હસ્તે ખુલ્લો મુકવામાં આવ્યો હતો.

અધ્યક્ષ રમણલાલ વોરાએ આદિજાતિ ક્ષેત્રમાં પોળોના જંગલો અને પુરાતત્વિય-ઐતિહાસિક ધરોહરને વિશ્વભરના પર્યટકો માટે અભ્યાસ-રોમાંચ-સાહસ અને પ્રકૃતિ દર્શનનું સ્થાન બને તે માટે પોળો ઉત્સવમાં ટેન્ટ સિટી, સાયકલીંગ ટ્રેકિંગ અને એડવેન્ચર સ્પોર્ટસના આધુનિક આયામો ઉભા કરવાનો જિલ્લા વહિવટીતંત્ર અને પ્રવાસન વિભાગ દ્વારા પ્રયાસ હાથ ધરવામાં આવ્યો છે તેમ જણાવ્યું હતું. તેમણે પોળો ઉત્સવથી સ્થાનિક આદિજાતિ કારીગરોના કલાના કામણ દેશ વિદેશમાં પ્રખ્યાત થાય તે માટે આ ઉત્સવમાં પાયાની ભૂમિકા ભજવશે. તેમણે સ્થાનિક સખી મંડળની બહેનો માટે પોળો આર્થિક ઉન્નતિનો આધાર બની રહેશે તેવી આશા વ્યક્ત કરી હતી.

પોળો ઉત્સવમાં ઉપસ્થિત આદિજાતિ વન અને પ્રવાસન મંત્રી ગણપતસિંહ વસાવાએ જણાવ્યું હતું. કે રાજ્ય સરકારે પ્રવાસનક્ષેત્રના વિકાસને વેગ આપવાનું કામ કર્યું છે. પ્રવાસનના વધેલા વ્યાપ વિષે ઉમેરતા કહ્યું હતું કે, રાજ્યમાં ૧૮ ટકા પ્રવાસીઓનો વધારો થયો છે. શરૂઆતમાં ૩ દિવસથી આરંભાયેલો કચ્છનો રણોત્સવ હવે સતત ૧૦૦ દિવસ સુધી ચાલે છે. તેવુંજ હવે પોળોમાં પણ બે માસ સુધી પોળો ઉત્સવ ઉજવાશે. જેનો લાભ લેવા અનુરોધ કર્યો હતો. કુદરતના અમૂલ્ય ભેટ સમાન પોળોમાં ઐતિહાસિક વારસા સાથે આદિજાતિના ભાતીગળ સંસ્કૃતિના વારસાને ઝાંખી કરાવે છે તેમ વધુમાં કહ્યું હતું.

કાર્યક્રમ દરમિયાન ઐતિહાસિક-પુરાતત્વીય, પ્રાકૃતિક વૈભવ વિરાસતને પ્રસ્તુત કરતી ફિલ્મ સી.ડી.નું નિદર્શન તથા મેનેજમેન્ટ ફોર ઈકો ટુરીઝમના બ્રોશરનું વિમોચન તેમજ થયેલ પંચાયતના સરપંચોનું બહુમાન અધ્યક્ષ તથા મહાનુભાવોના હસ્તે કરવામાં આવ્યું હતું.

આ અવસરે સાંસદ દિપસિંહ રાઠોડ, આદિજાતિ વિકાસ નિગમના ચેરમેન રમીલાબેન બારા, હિંમતનગરના ધારાસભ્ય રાજેન્દ્રસિંહ ચાવડા, જિલ્લા પ્રભારી સચિવ જયંતિ રવિ, ટુરીઝમ કોર્પોરેશનના એમ.ડી. કે. વાસ્તવ જિલ્લા વિકાસ અધિકારી હર્ષ વ્યાસ, નાયબ વન સંરક્ષક ડૉ. કે. રમેશ, ખેડબ્રહ્મા પ્રાંત અધિકારી વિશાલ સકસેના તથા અગ્રણી કે.સી. પટેલ, અશોક જોષી, તખતસિંહ હડિયોલ સહિતના પદાધિકારીઓ જિલ્લા વહિવટીતંત્રના અધિકારીઓ અને વિશાળ સંખ્યામાં ગ્રામીણ આદિજાતિ પરિવારો ઉપસ્થિત રહ્યા હતા.

## મહેસાણા બાગાયત ખાતાની યોજના માટે ઓનલાઈન અરજી કરી શકાશે

મહેસાણા, તા. ૬

મહેસાણા જિલ્લાના ખેડુતો બાગાયાત ખાતાની ચાલતી વિવિધ યોજનાઓનો લાભ લેવા માટે ૧૭ જાન્યુઆરી ૨૦૧૭ સુધી **https://ikhedut.gujarat.gov.in** પર અરજી કરવાની રહેશે. આ યોજનાઓ અંતર્ગત પાક સંરક્ષણના સાધનો હેઠળ ટ્રેકટર માઉન્ટેડ સ્પ્રેયર માટે રૂપિયા ૮ હજારની મર્યાદામાં સહાય આપવામાં આવે છે તેમ બાગાયત નિયામક મહેસાણાની અખબારી યાદીમાં જણાવાયું છે.

## ૧૦ જાન્યુઆરીએ મહેસાણામાં એકતા રેલી અને નાગરિક સન્માન કાર્યક્રમ યોજાશે

મહેસાણા, તા. ૬

મહેસાણામાં આગામી ૧૦ જાન્યુઆરીના રોજ એકતા માટેની વિશાળ બાઈકરેલી અને પ્રબુધ્ધ નાગરિકોને સન્માનવા માટેના એક કાર્યક્રમ રાખવામાં આવ્યો છે. જેમાં નિવૃત્ત આઈપીએસ ડી.જી. વણઝારાનું વિશેષ સન્માન કરાનાર છે.

જાહેર નાગરિક સન્માન સમિતિના ઉપક્રમે મહેસાણામાં ૧૦ જાન્યુઆરીના રોજ યોજાનાર બાઈક રેલી નાગલપુર ખાતેથી આરંભ થશે અને શહેરના વિવિધ રાજમાર્ગો પર ફરનાર છે. તે દરમ્યાન એકતાનો સંદેશો પહોંચાડવાનો પ્રયાસ કરાશે. ત્યારબાદ આ રેલી મોઢેરા રોડ ઉપર પહોંચીને અહીં ખાનગી પાર્ટી પ્લોટમાં સભાના સ્વરૂપે ફેરવાઈ જશે. આ કાર્યક્રમમાં શહીદ પ્રહલાદભાઈ પટેલ, સેવાકીય ભિક્ષુક ગોદડીયા બાપુ અને વ્યસન મુક્તિ અભિયાન ચલાવતા બાબુભાઈ પટેલનું નાગરિક સન્માન કરવામાં આવનાર છે. આ પ્રસંગે નિવૃત્ત આઈપીએસ ડી.જી. વણઝારા, નિવૃત્ત ડીવાયએસપી જે.જી. પરમાર, તરૂણ બારોટ તેમજ કે.એમ. વાઘેલાનું પણ બહુમાન કરાનાર છે.

**ટચુકડી જાહેર ખબર**
દર ગુરુવારે-રવિવારે
ગાંધીનગર સમાચાર
ફોન : ૨૩૨૨૨૫૭૧

# મહેસાણામાં પત્રકારો સાથે ધક્કામુક્કી કરનાર પોલીસ સામે પગલા ભરો

મહેસાણા, તા. ૬

મહેસાણામાં ગઈકાલે નોટબંધીના મુદ્દે કોંગ્રેસ આયોજીત કલેક્ટર કચેરીના ઘેરાવના કાર્યક્રમ

દરમ્યાન કવરેજ કરી રહેલા મિડીયાકર્મીઓ સાથે પોલીસે કરેલી ધક્કામુક્કીના વિરોધમાં આજે પત્રકારોએ કલેક્ટર અને પોલીસ અધિક્ષકને આવેદનપત્ર આપીને જવાબદાર પોલીસ કર્મીઓ સામે પગલાં ભરવાની માંગ કરી છે.

ગુરૂવારના રોજ મહેસાણા શહેરમાં કોંગ્રેસના કાર્યકરોએ રેલી યોજીને નોટબંધીના મુદ્દે કલેક્ટર કચેરીના ઘેરાવનો કાર્યક્રમ યોજાયો હતો. તેનું કવરેજ કરી રહેલા મિડીયા કર્મીઓને પણ કલેક્ટર કચેરીમાં પ્રવેશતા પોલીસે બળપૂર્વક અટકાવ્યા હતા. અને ભારે ધક્કામુક્કી કરી હતી. આ ઘટના બાદ પત્રકાર આલમમાં રોષ ફેલાયો હતો. તે અંતર્ગત આજે મહેસાણા ખાતે જિલ્લામાંથી પત્રકારો એકઠા થયા હતા અને કલેક્ટર આલોક પાંડે તેમજ પોલીસ અધિક્ષક ચૈતન્ય માંડલીકને મળીને આવેદનપત્ર સુપરત કરીને પત્રકારો સાથે અણછાજતુ વર્તન કરનાર પોલીસ કર્મીઓ સામે પગલા ભરવાની રજૂઆત કરવામાં આવી હતી.

## મોડાસા વિધાનસભા ક્ષેત્રના સરપંચોનો સત્કાર સમારંભ યોજાયો

મોડાસા, તા. ૬

અરવલ્લીના મોડાસા તેમજ ધનસુરા તાલુકાના ચૂંટાયેલા સરપંચો તેમજ સભ્યોનો સત્કાર સમારંભ યોજાયો હતો. જેમાં મોડાસા તાલુકાના ૨૪ તેમજ ધનસુરાના ૧૦ સરપંચો હાજર રહ્યા હતા. આ કાર્યક્રમમાં અરવલ્લી જિલ્લા ભાજપ પ્રમુખ રણવીરસિંહ ડાભીએ સૌ સરપંચોને પુરી નિષ્ઠાથી પંચાયતોના વિકાસ માટે તેમજ બધુમાં વધુ મોડાસા વિધાનસભા ક્ષેત્રના ગ્રામ વિસ્તારોને વિકસશીલ બનાવવા આહવાન કર્યુ હતુ. આ સમારોહમાં પૂર્વ ધારાસભ્ય દિલીપસિંહ પરમાર, કનુભાઈ પટેલ, કાન્તીભાઈ પટેલ, પ્રભુદાસ પટેલ સહિતના હોદેદારો હાજર રહ્યા હતા.

## ભિલોડા આર.જે.તન્ના પ્રેરણા મંદીરમાં ગ્રાહક સુરક્ષા સેમિનાર યોજાયો

ભિલોડાની આર.જે.તન્ના પ્રેરણા મંદીરમાં ગ્રાહક સુરક્ષા સેમિનાર યોજાયો.શાળાના તમામ વિદ્યાર્થીઓને સમાજના લોકોને મળતા અધિકારોથી વાકેફ કરવામાં આવ્યા હતા. વિદ્યાર્થીઓને ડિઝીટલ ઈન્ડીયા, કેશલેશ બાબતે પણ સેમિનારમાં ચર્ચા કરવામાં આવી હતી. સુપરવાઝર બી.એલ.પટેલએ વિદ્યાર્થીઓને ખુબ ઉપીયોગી માહિતી આપી હતી. કાર્યક્રમનું સંચાલન ગ્રાહક સુરક્ષા સમિતીના ઈન્ચાર્જ મુકેશભાઈ પટેલએ કર્યું હતું. શાળાના આચાર્ય રમણભાઈ પટેલએ ગ્રાહકની સુવિધાના અધિકારની માહિતી આપી હતી.

# ખેડબ્રહ્મામાં ખુલ્લેઆમ ચીકનનું વેચાણ

## સ્થાનિકતંત્રની ચૂપકીદી સામે પ્રજામાંરોષ : સત્વરે ચીકનશોપ બંધ કરાવવા માંગ

ખેડબ્રહ્મા, તા. ૬

રાજ્યમાં બર્ડફ્લુ અને ચિકન ગુનીયાની બિમારીને લીધે ભારે ખળભળાટ મચી ગયો છે. ત્યારે ખેડબ્રહ્મા શહેરમાં અસંખ્ય ચીકન શોપ સ્થાનિક વહીવટીતંત્ર અને આરોગ્ય વિભાગની મીલીભગતથી ધમધમી રહી છે. પરિણામે આવી ચીકન શોપ બંધ કરાવવા પ્રજાજનોમાં માંગ ઉઠવા પામી છે.

વાયરસથી ફેલાતી બર્ડફ્લુ અને ચીકનગુનીયાની બિમારીએ ફરી માથુ ઉંચક્યું છે. અમદાવાદ સહિતના કેટલાક વિસ્તારોમાં બર્ડફ્લુના કેસો મળી આવતા આરોગ્ય તંત્ર દોડતુ થઈ ગયુ છે. અને આવી બિમારીને ફેલાતા અટકાવવા અઢળક પ્રયત્નો કરી રહ્યું છે. ત્યારે રાજ્યના અનેક જિલ્લા તાલુકામાં આ બિમારી ફેલાવતા મરઘા-મરઘીનું ખુલ્લેઆમ બજારમાં વેચાણ થઈ રહ્યું છે. ખેડબ્રહ્મા શહેરમાં ઠેર ઠેર ચીકન મટન શોપમાં દરરોજ સંખ્યાબંધ મરઘી-મરઘાનું વેચાણ થઈ રહ્યુ હોવા છતાં સ્થાનિક આરોગ્યતંત્ર અથવા વહીવટીતંત્ર ચૂપચાપ તમાસો જોઈ રહ્યા છે અને બિમારી અહીં દેખા દે તેની રાહ જોઈ રહ્યું છે. શહેરમાં બર્ડફ્લુનો ફેલાવો વકરે ત્યાર પછી તંત્ર જાગશે કે શું? તેવી ચર્ચા પ્રજાજનોમાં થઈ રહી છે.

બિમારીનો ફેલાવો ન થાય તે માટે સત્વરે શહેરભરની ચીકનશોપ બંધ કરવામાં આવે તેવી પ્રજાજનોમાં માંગ ઉઠવા પામી છે.

# સાબરકાંઠા જિલ્લા કોંગ્રેસ સમિતિ દ્વારા જિલ્લા મીડીયા કન્વીનરોની નિમણૂંક કરાઈ

હિંમતનગર, તા. ૬

સાબરકાંઠા જિલ્લા કોંગ્રેસ સમિતિના પ્રમુખ ગોપાલસિંહ રાઠોડે સાબરકાંઠા જિલ્લા કોંગ્રેસ સમિતિ દ્વારા આયોજીત થઈ રહેલા પ્રજાલક્ષી

કાર્યક્રમો અને પાર્ટીની તમામ ગતીવિધિઓ પ્રજા સુધી પ્રેસ દ્વારા પહોંચે તે હેતુસર આજે સત્તાવાર રીતે મીડીયા કન્વીનર અને સહ કન્વીનરોની નિમણૂંક કરેલ છે. જેમાં પ્રીન્ટ મીડીયાના કન્વીનર તરીકે સુધીર પટેલ અને ઈલેકટ્રોનિક મીડીયાના કન્વીનર તરીકે અશોક પટેલ(લીલી)ની નિમણૂંક કરાઈ છે. જ્યારે બન્ને મીડીયા સેલના સહ કન્વીનર તરીકે હુસેન દિવાનની નિમણૂંક કરવામાં આવેલ છે. મીડીયા કન્વીનરો અને સહ કન્વીનરને આજે હિંમતનગરના નવા સર્કીટહાઉસ ખાતે જિલ્લા પ્રમુખે પ્રાંતિજના ધારાસભ્ય મહેન્દ્રસિંહ બારૈયા અને જિલ્લા પંચાયતના કારોબારી અધ્યક્ષ હર્ષદ પટેલની હાજરીમાં નિમણૂંક પત્રો આપ્યા હતા. આ નિમણૂંકને જિલ્લા પંચાયતના પ્રમુખ રાજેન્દ્રસિંહ કુંપાવત, જિલ્લા કોંગ્રેસ સમિતિના પૂર્વ પ્રમુખ ડાહ્યાભાઈ પટેલ, તાલુકા કોંગ્રેસ સમિતિના પ્રમુખ રણજીતસિંહ સોલંકી, તાલુકા પંચાયતના પ્રમુખ ઈમરાનભાઈ ઠાકોર, શહેર કોંગ્રેસ સમિતિના પ્રમુખ સતિષભાઈ શાહ, નગરપાલિકાના વિપક્ષી નેતા જગદીશભાઈ જયસ્વાલ, કોર્પોરેટર ઈશાક શેખ, ઈમરાન બાદશાહ, જિલ્લા મંત્રી ચંદ્રસિંહ ઝાલા, રીયાઝ શાસ્ત્રી, કનુભાઈ ભાટી, માઈનોરીટી ડીપાર્ટમેન્ટના જિલ્લા પ્રભારી ટી.વી. પટેલ, કે.સી. શાહ, અશોકભાઈ બ્રહ્મભટ્ટ, રહીમભાઈ મીર, તાલુકા કોંગ્રેસ સમિતિના મહામંત્રી નિશારભાઈ શેખ, કાર્યાલય મંત્રી મહેશ પરમાર, માય.ડી. જિલ્લા કોઓર્ડીનેટર આસીફભાઈ મેમન, સોશ્યલ મીડીયા પ્રમુખ કાદીર ડોઈ તેમજ તમામ કોંગ્રેસી કાર્યકરોએ આ નિમણૂંકને સહર્ષ આવકારી અભિનંદન પાઠવ્યા હતા.

## જુના બાકરપુર ગામે એનએસએસ શિબિર સંપન્ન

પ્રાંતિજ સ્થિત એમ.સી.દેસાઈ કોલેજ અને જુના બાકરપુર ગ્રામ પંચાયતના સંયુક્ત ઉપક્રમે કોલેજની એન.એસ.એસ. શિબિર યોજાઈ હતી. જેમાં સમાજ ઉપયોગી વિવિધ કાર્યક્રમો યોજાયા હતા.

શિબિરમાં ડીઝીટલ બેંકિંગ, સ્વચ્છતા અભિયાન, સાક્ષરતા, બેટી બચાવો, વ્યસન નાબુદી, ડીઝાસ્ટર મેનેજમેન્ટ, કૃષિ વિષયક, સામાજીક દૂષણો નાબુદી વગેરે પ્રવૃત્તિઓ હાથ ધરવામાં આવી હતી. આ શિબિરનું ઉદ્ઘાટન ગામ સરપંચ રમણલાલ સોલંકી દ્વારા કરવામાં આવ્યું હતું. જ્યારે સમાપન સમારોહમાં પ્રાંતિજના ધારાસભ્ય મહેન્દ્રસિંહ બારૈયા, ડૉ. જે.ડી. ડામોર ઉપસ્થિત રહી સ્વયંસેવકોની સેવાકીય પ્રવૃત્તિઓને બિરદાવી હતી. ગ્રામજનો દ્વારા સ્વયંસેવકોને ઈનામો દ્વારા પુરસ્કૃત કરવામાં આવ્યા હતા.

# અરવલ્લીમાં આદિજાતિ વિકાસ મંડળની બેઠકમાં પ્રભારી મંત્રીને વિકાસ માટે રજૂઆત

મોડાસા, તા. ૬

અરવલ્લી જિલ્લા આદિજાતિ વિકાસ મંડળની બેઠક જિલ્લા પ્રભારી મંત્રી શંકરભાઈ ચૌધરી અને જિલ્લા પંચાયતના પ્રમુખ રાજેન્દ્રભાઈ પારધી અને કલેક્ટરની ઉપસ્થિતિમાં યોજાઈ હતી. અરવલ્લી જિલ્લા પંચાયત પ્રમુખ રાજેન્દ્ર પારધીએ મંત્રી અને જિલ્લાના પ્રભારી શંકરભાઈ ચૌધરીને જિલ્લામાં અંતરિયાળ વિસ્તારોમાં વસતા આદીવાસી સમાજના લોકોનો ઝડપથી વિકાસ થાય તે માટે અને આદીવાસી લોકોના બાળકોના શિક્ષણ અને આરોગ્યલક્ષી સેવાઓ સુલભ્ય બને તે અંગે વિસ્તૃત ચર્ચા કરી યોગ્ય ન્યાય મેળવવા રજૂઆત કરવામાં આવી હતી. જિલ્લા પ્રભારી મંત્રીએ જિલ્લા પંચાયત પ્રમુખની રજૂઆત સાંભળી આદિવાસી વિસ્તારનો વિકાસ ઝડપી બનાવવાનું જણાવ્યું હતું.

અરવલ્લી જિલ્લા આદિજાતિ વિકાસ મંડળની બેઠકમાં જિલ્લા પંચાયત પ્રમુખ પારધીએ જિલ્લા પ્રભારી મંત્રી શંકરભાઈ ચૌધરી અને જિલ્લા કલેક્ટરને આદિવાસી ગ્રામ્ય વિસ્તારોમાં ગ્રામ વિકાસ, સિંચાઈ, પીવાના પાણીની સુવિધા, એક ફળીયાથી બીજા ફળીયાને જોડાતા સી.સી. રોડ, પશુપાલન, આદિજાતિ વિસ્તારની પ્રાથમિક શાળામાં અભ્યાસ અર્થે જતા બાળકોને તકલીફ ન પડે તે માટે વિવિધ વાઘાઓમાં ગરનાળાનું નિર્માણ, પશુપાલન, તબીબી અને જાહેર આરોગ્ય વિગેરે થયેલ આયોજન અંગે વિસ્તૃત ચર્ચા વિચારણા કરી ભિલોડા અને શામળાજી-મેઘરજ વિસ્તારોમાં ખેતીની સુવિધા માટે નવા તળાવ બનાવવા, તળાવોને ઊંડા કરવા ભારપૂર્વક રજૂઆત જિલ્લા પંચાયત પ્રમુખ રાજેન્દ્ર પારધીએ કરી હતી. જિલ્લાના આદિજાતિ વિસ્તારોમાં ભૂમિ અને જળ સંરક્ષણ, ખેતી, ડેરી ઉદ્યોગ, મત્સ્ય ઉદ્યોગ, વન પર્યાવરણ, નાની-સિંચાઈ વિસ્તાર વિકાસ વીજળી, ગ્રામ લઘુ ઉદ્યોગ રસ્તા અને પુલ બનાવવા, નાગરિક પુરવઠો, સામાન્ય શિક્ષણ, તબીબી અને જા.આ. પાણી પુરવઠો તેમજ અન્ય વિકાસના કામો અંગે ભિલોડા તાલુકામાં ૬૮૭.૧૩ કરોડ તેમજ મેઘરજ ૩૦૨.૧૩ કરોડની જોગવાઈની સાથે આદિવાસી વિસ્તારનો ઝડપી વિકાસ માટે નજીકના ભવિષ્યમાં વધુ ગ્રાન્ટ ફાળવવા રાજ્ય સરકારને રજૂઆત કરવામાં આવનાર હોવાનું જિલ્લા પંચાયત પ્રમુખે ભારપૂર્વક જણાવ્યું હતું.